# સત્સંગ સમાચાર

## સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

*** ગુરુસભા :** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં દર ગુરુવારે યોજાતી યુવાનોની સત્સંગસભામાં સંતભગવંત સાહેબજીના ૮૩મા પ્રાગટ્યપર્વની ઉજવણી ૧૦ માર્ચ ૨૦૨૨ના રોજ કરવામાં આવી. આ ઉજવણીમાં સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો, વ્રતધારી સંતોની દિવ્ય સંનિધિ પ્રાપ્ત થઈ અને સ્થાનિક અક્ષરમુક્તો પણ મોટી સંખ્યામાં પધાર્યા. ‘સૌના વહાલા સાહેબદાદા’ એ કેન્દ્રવર્તી વિષયને અનુસંધાને સભામાં બાળકો, યુવાનો, યુવાન ગૃહસ્થો, યુવાન સંતો ને વડીલ સંતો એમ પાંચેય વિભાગના પ્રતિનિધિઓ દ્વારા ભક્તિભાવ અર્પણ થયા અને માહાત્મ્ય દર્શન કરાવાયું. આ જ ભાવને યુવાનોએ અત્યંત આકર્ષક સુશોભન તેમજ સંગીતની સંવાદિતા દ્વારા પણ પ્રગટાવ્યો.

‘સાહેબદાદા’ નામના અક્ષરો દ્વારા સંતભગવંત સાહેબજીના મહિમા અને વિવિધ ગુણોને વ્યક્ત કરવાનો સુંદર ભક્તિભર્યો પ્રયત્ન સૌએ કર્યો. ‘સા’ એટલે સાધુતા, ‘હે’ એટલે હેત, ‘બ’ એટલે બળ, ‘દા’ એટલે દાતા અને ‘દા’ એટલે દાસત્વ. યુવાનો વતી નીરવ પટેલે સાધુતા પર પદ્યશૈલીમાં ગુણગાન ગાયાં. બાળકો વતી યોજશ પટેલે સંતભગવંત સાહેબજીના અપાર જનનીસમ હેતનું વર્ણન કર્યું. વ્રતધારી સંતો વતી સાહેબદાદાએ સૌને સદૈવ આપેલ બળની હૃદયસ્પર્શી રજૂઆત સાધુ પૂ. યજ્ઞેશદાસે કરી. નિર્વ્યાજ પ્રેમના દાતા સંતભગવંત સાહેબજીએ આપેલ અપાર સુખ, શાંતિ અને આનંદની મહિમાપૂર્ણ વાતો તથા તેને અનુરૂપ કીર્તન યુવાન ગૃહસ્થ રાહુલ પટેલે રજૂ કર્યું. સંતભગવંત સાહેબજીની પરમ દાસત્વ અવસ્થાની છણાવટ યુવાન સાધુ હાર્દિકદાસે કરી. માત્ર ૬ વર્ષના બાળતારલા વિહાન પટેલે બાળસહજ નિર્દોષતા સાથે સંતભગવંત સાહેબજીના અલૌકિક પ્રેમ ને કલ્યાણકારી જીવનની વાત કરી સૌને પોતાની આગવી વાક્ છટા દ્વારા સાહેબજીના મહિમામાં મુગ્ધ કરી દીધાં.

આ પ્રસંગે સરદાર પટેલ યુનિવર્સિટીના નવનિયુક્ત કાર્યકારી કુલપતિ ડૉ. નિરંજનભાઈ પટેલનું સન્માન કરાયું. તેઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંતભગવંત સાહેબજીનાં દર્શન અને સમાગમનો આનંદ વ્યક્ત કર્યો. સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા ને પૂ. અશ્વિનદાદાએ યુવાનોની ભક્તિને બિરદાવી આશીર્વાદ વરસાવ્યા. આ પ્રસંગે પાંચેય વિભાગના સભ્યોએ પુષ્પગુચ્છ, સ્વસર્જિત કલાત્મક ભેટ, આર્થિક સેવા અને શુભેચ્છા કાર્ડ્સ અર્પણ કરી હૃદયવંદના ધરી. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને ધન્ય કર્યાં.

*** અનુપમ મિશન ઈન્ટરનેશનલ બાળસભા :** બાળસભાના ‘અનુપમ યોગી બાલવૃંદ’ દ્વારા સંતભગવંત સાહેબજીના ૮૩મા પ્રાગટ્યપર્વની ભક્તિભાવપૂર્ણ ઉજવણી ડિજિટલ માધ્યમથી ૨૬ માર્ચના રોજ કરવામાં આવી. દેશ-પરદેશનાં બાળકો દ્વારા ‘સંપ, સુહૃદભાવ, એકતા-સાહેબદાદાની પ્રસન્નતા’ વિષયક ચોટદાર પ્રસ્તુતિ સૌનાં હૃદયને સ્પર્શી ગઈ.

કાર્યક્રમના આરંભે વિવિધ પ્રદેશોનાં બાળ ભૂલકાંઓએ સાહેબજી મહિમા સ્તોત્રમ્‌નાં ગાન કર્યાં. સુમધુર રાગ ને ઢાળ સાથે બાળછટામાં ગવાયેલ આ સ્તોત્રને સાંભળી સૌનાં મનડાં મહિમાથી છલકાઈ ઊઠ્યાં. ત્યારબાદ સંપ, સુહૃદભાવ અને એકતાની સંતભગવંત સાહેબજી તેમજ સદ્‌ગુરુ સંતોએ આપેલી સમજ અનુરૂપ પ્રસંગોનાં વર્ણન કરતા અદ્‌ભુત સંવાદની પ્રસ્તુતિ કરવામાં આવી. ઐતિહાસિક આધ્યાત્મિક પ્રસંગો,



ગુરુસભામાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ


ઈન્ટરનેશનલ બાળસભામાં બાળકો માટેની નૂતન વૅબસાઈટનાં મુક્તાર્પણ

યોગીજી મહારાજની બોધકથાઓ, સાહેબદાદાના પ્રેરણાદાયી જીવનપ્રસંગો અને શાશ્વત ઉપાસનાના ઉપદેશને સાંકળતા આ સંવાદમાં બાળકો દ્વારા અદા કરવામાં આવેલ અભિનય ભક્તિ બેનમૂન હતી.

મુખ્ય વિષય સંલગ્ન કીર્તન પર નૃત્યભક્તિ પણ બાલવૃંદ દ્વારા અદા કરવામાં આવી. સંતો, સત્સંગ અને આદર્શ માતા-પિતાના સંસ્કારોને પરિણામે બાલમાનસ પર અંકિત સંપ, સુહૃદભાવ અને એકતાની અદ્‌ભુત સમજણ પણ બાળકો દ્વારા તેઓની લાક્ષણિક શૈલીમાં વ્યક્ત કરાઈ, જે સહજ પ્રેરણાદાયી હતી. આ પ્રસંગે બાળકો દ્વારા બનાવાયેલ કલાત્મક સ્મૃતિભેટ, શુભેચ્છા કાર્ડ્સ આદિ હૃદયભાવ અર્પણ કરવામાં આવ્યા.

વિશેષ તો, આધુનિક વિજ્ઞાન અને ટૅકનોલૉજીના યુગમાં બાળકો તેના ઉપયોગની સાથે અધ્યાત્મ સાથે જોડાયેલાં રહે તે હેતુથી અનુપમ મિશન દ્વારા તૈયાર કરવામાં આવેલ બાળકો માટેની નૂતન વૅબસાઇટનાં મુક્તાર્પણ સંતભગવંત સાહેબજીના વરદ્ હસ્તે કરવામાં આવ્યાં. આ વૅબસાઇટ પર બાળકોને રસ પડે તેવાં આધ્યાત્મિક સાહિત્ય, ઑડિયો-વિડિયો સંપુટ, જ્ઞાનવર્ધક ગેમ્સ, પ્રેરણાદાયી બાળવાર્તાઓ, પ્રભુ ને ગુણાતીત સ્વરૂપોનાં જીવનચરિત્રો આદિ ઉપલબ્ધ થશે.

સંતભગવંત સાહેબજીએ સૌ પર રૂડા આશીર્વાદની વર્ષા કરી સૌ બાળ ભૂલકાંઓની ભક્તિને પ્રસન્નતાપૂર્વક બિરદાવી, તેઓને તૈયાર કરનાર યૂથ લીડર્સ અને માતા-પિતાઓને ધન્યવાદ પાઠવ્યાં. તેઓ સૌની ભક્તિ વંદનીય હતી. શૂટિંગ લૉકેશન પસંદ કરવાં, બાળકો પાસે સંવાદ બોલાવવા ને તે અનુસાર અભિનય કરાવી રેકોર્ડિંગ કરાવવું, સ્તોત્ર અને કીર્તન ગવડાવવાં, નૃત્ય શીખવવું આદિ સઘળાં સંકલન તેઓએ કર્યાં, તેમાંય સ્થાનિક અંતર ને સમય તફાવત તથા જીવનની વ્યસ્તતામાંથી સમય કાઢીને ભક્તિ અદા કરવાની સૌની ભાવના પર સંતભગવંત સાહેબજી આફરા રાજી થયા. સમગ્ર સેવાયજ્ઞમાં અનુપમ મિશનના પ્રકાશન કાર્યાલય-ભક્તિમંદિરના ઑડિયો અને વિડિયો વિભાગના સંતો-સેવકોના અનુપમ સહકાર પ્રાપ્ત થયા. સમગ્ર કાર્યક્રમનું સંકલન ને સંયોજન સાધુ પૂ. સરજુદાસની આગેવાની હેઠળ અનુપમ યોગી બાલવૃંદની ટીમ દ્વારા અપ્રતિમ ભક્તિભાવે કરવામાં આવ્યું, જેને સૌએ બિરદાવ્યું.

*** કૅનેડામાં :** ૨૦ માર્ચ ૨૦૨૨ના રોજ અનુપમ મિશનના કૅનેડા કૅન્દ્રમાં સંતભગવંત સાહેબજીના ૮૩મા પ્રાગટ્ય-ઉમંગની ઉજવણી કરવામાં આવી. ૧૩૫થી વધુ સત્સંગી મુક્તોએ આ પ્રસંગે પધારી, સેવા-ભક્તિ અદા કરી. આ ઉત્સવમાં અમેરિકાથી સાધુ પૂ. જયેશદાસજી અને સાધુ પૂ. નરેન્દ્રદાસજી પધાર્યા. સંતોની સંનિધિમાં યુવાનોએ નૂતન મંદિરે ભેગા મળીને સુંદર ભક્તિઉત્સવ ઊજવ્યો. આ કાર્યક્રમમાં કીર્તન અને નૃત્ય દ્વારા સંતભગવંત સાહેબજીના મહિમાનું વર્ણન કરાયું. યુવા પ્રતિનિધિ સોની અને રિધમ દ્વારા ભગતજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના માહાત્મ્યપૂર્ણ જીવનપ્રસંગોનાં પઠન કરાયાં. મનીષાબહેન ને મહર્ષિભાઈએ માહાત્મ્યગાન કર્યાં અને સંતભગવંત સાહેબજીના ગુણોને વર્ણવ્યા. સાધુ પૂ. નરેન્દ્રદાસજી ને સાધુ પૂ. જયેશદાસજીએ આશીર્વાદ વરસાવી સૌની ભક્તિને બિરદાવી. સૌએ ભેગાં મળીને બ્રહ્માનંદ કર્યો. ◆

*** યુ.કે. :** ૨૦ માર્ચ ૨૦૨૨, રવિવારના રોજ સંતભગવંત સાહેબજીના ૮૩મા પ્રાગટ્યપર્વની ઉજવણી અનુપમ મિશન, ડૅન્હમ, યુ.કે.ના મંદિરમાં ખૂબ જ ધામધૂમથી થઈ. 'સંપ-સુહૃદભાવ, એકતા; સાહેબદાદાની પ્રસન્નતા' વિષય પર યોજિત કાર્યક્રમમાં સૌ સંતો ને અક્ષરમુક્તોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો. ઉત્સવનો પ્રારંભ સુંદર શોભાયાત્રા દ્વારા કરવામાં આવ્યો. બાલિકાઓએ માથા ઉપર કળશ લીધા ને યુવતીઓએ સુંદર નૃત્ય દ્વારા શોભાયાત્રાની શરૂઆત કરી. બાળકોએ અનુપમ મિશન અને 'સ્વામિનારાયણ' મંત્રની ધજાઓ ધારણ કરી ને યુવકોએ શ્રી ધામ-ધામી-મુકત અને સાહેબદાદાની મૂર્તિ ધારણ કરી. આ



કૅનેડામાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ



ડૅન્હમ, યુ.કે. મંદિરે સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

મૂર્તિઓ આસન પર પધરાવીને યુવકોએ પૂજન કર્યાં ને યુવતીઓએ પૂજાની માળાઓને ગૂંથીને તેનો હાર બનાવીને અર્પણ કર્યો. સભામાં સાધુ પૂ. જયેન્દ્રદાસ, સાધુ પૂ. કિરણદાસ , સાધુ પૂ. નીલેશદાસ, ધીરુકાકા, હિમ્મતબાપુ નકરાજા, અશ્વિનભાઈ પોપટ, હિતેનભાઈ ધોકિયા, યોગીનભાઈ, જિમ્મીભાઈ, ભાવનાબહેન (વેમાર), આશકા અને હિરવાબહેને અદ્ભુત મહિમાગાન કર્યું. સાધુ પૂ. હિંમતદાસજીએ આશીર્વાદ વરસાવી ઉપાસનાની શુદ્ધ સમજ આપી, સાહેબદાદાના જીવન-માહાત્મ્યની વાતો કરી. આશીર્વાદ બાદ સૌ ભેગાં મળી સમૂહ આરતીમાં જોડાયાં. આજનો મહાપ્રસાદ વૅમ્બલી, કિંગ્સબરી ને ઈસ્ટ-લંડનના ભક્તોએ ભેગા મળીને બનાવ્યો અને ૩૦૦ જેટલા હરિભક્તોને ઉત્સાહથી જમાડી ગુરુહરિ સાહેબદાદાના અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો. ◆

*** ઍલનટાઉન, યુ.એસ.એ. :** અનુપમ મિશન ઍલનટાઉન, યુ.એસ.એ. મંદિરે સંતભગવંત સાહેબદાદાના ૮૩મા પ્રાગટ્યપર્વની ઉજવણી ભક્તિભાવ સાથે સંપન્ન થઈ. સાહેબદાદાના સ્વાગત માટે ભવ્ય રથ શણગારવામાં આવ્યો. અત્યંત હર્ષોલ્લાસ સાથે નાનાં બાળકોએ એકસરખાં વસ્ત્રોમાં સજ્જ થઈ નૃત્યભક્તિ દ્વારા સભામાં સાહેબદાદાનાં સ્વાગત કર્યાં. ત્યારબાદ સંતો-ભક્તો દ્વારા સાહેબદાદાનાં મહિમા-દર્શન પ્રસ્તુત થયાં. સાધુ પૂ. નરેન્દ્રદાસજી, ગિરીશભાઈ, સોનલબા, મૂકેશભાઈ કઢીવાલાએ સાહેબદાદાના મહિમાની અદ્ભુત વાતો કરી.

બાળસભાનાં નાનાં બાળકોએ 'સાહેબદાદા વી લવ યૂ...' ભજનનાં ભાવસભર ગાન કરી હાં હાં ગડથલરૂપી ભક્તિ અર્પણ કરી. સાહેબદાદાના સંતો, ભક્તો, સંબંધીઓનો મહિમા એ સાહેબદાદાનો જ મહિમા છે, તે ભાવથી વિશ્વમ, અપૂર્વમ, અગમે મહિમાદર્શન કરાવ્યું. કૃષ્ણએ સુંદર બર્થડે કાર્ડ અર્પણ કર્યું. યુવતીઓએ ખૂબ ઉત્સાહ-ઉમંગથી 'હેલી આવી આનંદની આજ...' કીર્તન પર ભાવસભર નૃત્યભક્તિ અર્પણ કરી. કિશોર-કિશોરીઓએ હાથમાં કૅન્ડલ સાથે 'આંખલડીના હે રતન મારા રુદિયાની ધડકન...' પ્રાર્થના-કીર્તન પ્રસ્તુત કર્યું. આમ સૌ યુવાનોએ પોતાની આવડત, શક્તિ અને હોશિયારીથી સાહેબદાદાને રાજી કરવાના ભાવ ધર્યા. ડૉ. જિતુભાઈએ સૌ યુવાનોને બિરદાવ્યા. વિષ્ણુદાદાએ આશીર્વાદ વરસાવ્યા. સાધુ પૂ. જયેશદાસજીએ આ ઉત્સવમાં હાજરી આપવા બદલ સૌનો આભાર માન્યો. વિશેષ ઑડિયો-વિડિયો, સાંસ્કૃતિક કાર્યક્રમ, સુશોભનની ટીમ અને યોગીપ્રસાદનાં બહેનોનો આભાર વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયંતભાઈએ (ન્યૂજર્સી) ખૂબ સુંદર રીતે કર્યું. યોગીપ્રસાદનાં બહેનોએ ભેગાં મળી સૌ હરિભક્તોને પ્રસાદ જમાડવા જાતજાતની વાનગીઓ તૈયાર કરી અને સાહેબદાદાને પ્રિય એવા 'આજ્ઞા', 'ઉપાસના', 'પ્રીતિ', 'સુહૃદભાવ' નામના વિવિધ ફૂડ સ્ટૉલનું નિર્માણ કરવામાં આવ્યું. ◆

## અક્ષરપુરુષોત્તમ મંદિર, સાઠંબાનો ૧૫મો પાટોત્સવ

૧૫ માર્ચ ૨૦૨૨ના રોજ અક્ષરપુરુષોત્તમ મંદિર, સાઠંબાનો ૧૫મો પાટોત્સવ સદ્ગુરુ સંત પૂ. હર્ષદદાદા, સાધુઓ પૂ. ગૌતમદાસજી, પૂ. સતીશદાસ, પૂ. અરવિંદદાસ, પૂ. નરેન્દ્રદાસ, પૂ. તુષારદાસની ઉપસ્થિતિમાં યોજાયો. પૂ. તુષારદાસે પાટોત્સવવિધિ કરાવી અને સ્થાનિક ભક્તો યજમાન સ્વરૂપે બિરાજ્યા. પ્રજ્ઞેશભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યું. સાધુઓ પૂ. નરેન્દ્રદાસ ને પૂ. સતીશદાસે સૌને માર્ગદર્શન ને આધ્યાત્મિક બળ પ્રદાન કર્યાં. સદ્ગુરુ સંત પૂ. હર્ષદદાદાએ આશીર્વાદ વરસાવી સૌની સેવા-ભક્તિને બિરદાવી. સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીના ફૉન દ્વારા શુભાશિષ પ્રાપ્ત થઈ. મંદિરના સેવક વસંતદાદાએ આભારવિધિ કરી. આશુતોષભાઈએ સભાસંચાલન સંભાળ્યું. આ પ્રસંગે સાઠંબા, બાયડ, ધનસુરા, બોરડીટીંબા, અમદાવાદ, રણજિતપુરા આદિ મંડળોના અક્ષરમુક્તોએ પધારી ભક્તિ અદા કરી. ◆



ઍલનટાઉન, યુ.એસ.એ. મંદિરે સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ



અક્ષરપુરુષોત્તમ મંદિર, સાઠંબાનો ૧૫મા પાટોત્સવ પ્રસંગે સંતોના આશીર્વાદ